# મિશન મંગલમ (અર્બન) યોજના

મિશન મંગલમ યોજનાનો મુખ્ય હેતુ શહેરી ગરીબ કુટુંબોને એક જુથ અને સંગઠિત કરી, સ્વરોજગારી માટે કૌશલ્ય વર્ધક તાલીમ પુરી પાડી તેમજ અંગત બચત માટે પ્રોત્સાહિત કરી તથા આવા સખી મંડળના સભ્યોને આંતરિક ધિરાણ કરી શકે, આ રીતે તેમની આર્થિક જરૂરીયાત સંતોષવા સાથે  તેઓ સ્વરોજગાર મેળવી સ્વનિર્ભર થાય તે હેતુથી આવા સખી મંડળને સ્વસહાય ધ્વારા આર્થિક પ્રવૃતિ સાથે સાંકળવા.વધુમાં તેમનામાં આંતરિક બચત–ધિરાણની વ્યવસ્થા ઉભી થાય અને તેને મજબૂત કરવા માટે રીવોલ્વીંગ ફંડમાંથી, બેંકોમાંથી આર્થિક સહાય અને ધિરાણ મળી રહે તેવું આયોજન થાય અને સરકારશ્રીની સ્વરોજગારી પૂરી પાડતી વિવિધ યોજનાઓનાં લાભ મેળવી આવા કુટુંબો આર્થિક રીતે પગભર કરવાના હેતુથી સખી મંડળ રચના કરવામાં આવે છે.

મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત  યુસીડી વિભાગ ધ્વારા વર્ષ ૨૦૧૫–'૧૬ દરમ્યાન એક સખી મંડળમાં ૭૦% મહિલાઓ બી.પી.એલ./ ઈ.ડબલ્યુ.એસ. આવાસ/ SC/ ST/ લઘુમતી/ વિધવા/ અપંગ પૈકીમાંથી જયારે ૩૦% તેઓની આસપાસની અન્ય મહિલાઓનો સમાવેશ કરી સખી મંડળોની રચના કરવામાં આવેલ છે. આ સખી મંડળોનું બેંકો સાથે જોડાણ કરવામાં આવે છે. આ સખી મંડળો  ધ્વારા નિયત કરેલ બચત રકમ દર માસે શહેરની વિવિધ બેંકોમાં જમા કરાવવામાં આવે છે. જેમાંથી સખી મંડળો જરૂરીયાત મુજબ પોતાના સભ્યોને નાની મોટી આર્થિક જરૂરીયાતો માટે આંતરિક ધિરાણ કરે છે.  આ સખી મંડળોને બેંક સાથે જોડાણ થયાને છ માસ પૂર્ણ થતાં સખી મંડળનું બેંક ધ્વારા મૂલ્યાંકન કરી ગ્રેડીગ થયા બાદ, ગ્રેડીંગ પાસ થયેલ સખી મંડળ રીવોલ્વીંગ ફંડ અને બેંક ધિરાણ (કેશ ક્રેડીટ) માટે પાત્ર બને છે.

**પત્રક–૧**

| વર્ષ | રચાયેલ સખી મંડળોની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| તા.૧/૪/'૧૨થી તા.૩૧/૩/'૧૬ સુધી | 2439 | 31081 |